

# આનંદઘનની આત્માનુભૂતિ

૧૪



णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ
જન્મશતાબ્દીએ નવલું નજરાણું - ૯૦

અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત પદ પર પરિશીલન

# આનંદઘનની આત્માનુભૂતિ

(પદ - ૧૪)


પરિશીલનકાર

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ

શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા



પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

*Blessed is he who has found his work, let him ask no other blessedness.*

પુસ્તકનું નામ : આનંદઘનની આત્માનુભૂતિ

મૂળ કૃતિ : અલગારી અવધૂત પ. પૂ. આનંદઘનજી મહારાજ પ્રણીત ચૌદમું આધ્યાત્મિક પદ

વિષય : સમતા-સંવેદના

વિશેષતા : એક આત્મીયનો અંતર્નાદ... અનુભવની સમક્ષ રજુ થયેલી એક અશ્રુભીની સંવેદના... આત્માને હચમચાવીને આત્માનું નવનિર્માણ કરનાર એક મનનીય કૃતિ.

વિ. સં. ૨૦૬૭ • પ્રતિ : ૨૦૦૦ • મૂલ્ય : ૧૦૦/-

## પ્રાપ્તિ સ્થાન :

1) શ્રી કે. પી. સંઘવી ગ્રુપ.. 1301, પ્રસાદ ચેમ્બર્સ, ઑપેરા હાઉસ, મુંબઈ-400 004. ફોન : 022-23630315

2) શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા .. ફ્.નં.6, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-400 002. ફોન : 22818390, Email : devanshjariwala@gmail.com

3) શ્રી અક્ષયભાઈ શાહ .. 506, પદ્મ એપાર્ટ, જૈન મંદિર કે સામને, સર્વોદયનગર, મુલુંડ (પ.). મો. : 9594555505, Email : jinshasan108@gmail.com

4) શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા .. સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-5. મો.: 9426585904, Email : ahoshrut.bs@gmail.com

5) શ્રી મેહુલ જે. વારૈયા .. 401, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા, સ્ટેટ બેંક ની ઉપર, ગોપીપુરા, સુરત-395 001. મો. : 9374717779, Email : mehuljvaraiya@gmail.com

6) મલ્ટી ગ્રાફિક્સ .. 18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4. Ph.: 23873222 / 23884222. E-mail : support@multygraphics.com

7) પરેશભાઈ શાહ .. A/202, શિવકૃપા, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, મથુરાદાસ રોડ, કાંદિવલી (પ.), મુંબઈ - 400 062. મો. 9820017030

Design & Printed by : **MULTY GRAPHICS**... www.multygraphics.com

(c) Copyright held by Publisher & Author under Indian copyright act, 1957. http://copyright.govt.in/documents/copyright rules 1957.pdf





તેમને...

જેમણે કોઈની સંવેદનાને
પોતાની વેદના બનાવી અને
સર્વ વેદનાથી મુક્ત થઈ ગયા.



*Prayer does not change God,*



*but it changes him who prays.*

जिन मन्दिर-जल मन्दिर-जीव मन्दिर का पुण्य प्रयाग अर्थात्

## पावापुरी तीर्थ-जीवमैत्रीधाम

## SPONSOR (સુકૃત સહયોગી)

વિશ્વવિખ્યાત શ્રી પાવાપુરી તીર્થ-જીવમૈત્રી ધામ નિર્માતા
શ્રી કે. પી. સંઘવી પરિવાર...



હૃદયના તારોને રણઝણાવતી
આ સંવેદના આપની જીવન-વીણામાં સુરસૌંદર્ય પૂરી દે
એ જ શુભેચ્છા.

# K. P. SANGHVI GROUP

**Name of the Entity**

*K. P. Sanghvi & Sons*
*Sumatinath Enterprises*
*K. P. Sanghvi International Limited*
*KP Jewels Private Limited*
*Seratreak Investment Private Limited*
*K. P. Sanghvi Capital Services Private Limited*
*K. P. Sanghvi Infrastructure Private Limited*
*KP Fabrics*
*Fine Fabrics*
*King Empex*

# સાદ... એક સંવાદનો...


'તમે ક્યાં રહો છો?' 'ભાયખલામાં' 'એમ? હું પણ ભાયખલામાં રહું છું. ભાયખલામાં ક્યાં?' 'લવ લેન.' 'અરે, હું પણ લવલેનમાં જ રહું છું. લવલેનમાં ક્યાં?' 'સુમેર ટાવર.' 'કમાલ છે. હું પણ તેમાં જ રહું છું.' 'સુમેર ટાવરમાં...?' '૫૦૪.' 'શું વાત કરો છો? હું પણ ૫૦૪ માં જ રહું છું.'

હવે બાજુના પેસેન્જરથી ન રહેવાયું... 'તમે બંને એક જ ઘરમાં રહો છો, તો પણ એક બીજાને ઓળખતા નથી?' પેલા બંને યુવાન હસી પડ્યા. પેસેન્જરના આગ્રહથી તેમણે ખુલાસો કર્યો, ''અમે બંને સગા ભાઈઓ છીએ. આ તો ભાયખલા ન આવે, ત્યાં સુધી ટાઈમ પાસ...''

આ સંવાદ આપણને રમૂજી લાગે છે. પણ ચોંકાવનારી બીના એ છે કે જ્ઞાનીઓની દૃષ્ટિમાં આપણા બધા જ સંવાદ આની જેવા છે. જેમાં કોઇ સાર્થકતા નથી, જેમાં આત્માને કોઈ જ લાભ નથી. જેમાં માત્ર ટાઈમ પાસ- સમય પસાર થાય છે, ના, બલ્કે સમયનો વેડફાટ થાય છે.

અહીં પ્રસ્તુત છે એક એવો સંવાદ, જે સમયનું સુવર્ણમાં રૂપાંતર કરે છે. એટલું જ નહીં, એક સુવર્ણ ભવિષ્યનું સર્જન પણ કરે છે. નિરર્થક સંવાદોમાં તો અનંત કાળ પસાર થઇ ગયો. ચાલો, આજે એક સાર્થક સંવાદના સાક્ષી બનીએ, અને આપણા સર્વસ્વને સાર્થક કરીએ.

**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**





अनुभव ! तुं है हितु हमारो,
अनुभव ! तुं है हितु हमारो,
आय उपाय करो चतुराई,
और को संग निवारो,
**अनुभव ! तुं है हितु हमारो...१**

तृष्णा रांड भांड की जाइ
कहा घर करे सवारो?
शठ ठग कपट कुटुंब ही पोषे
मन में क्युं न विचारो?
**अनुभव ! तुं है हितु हमारो...२**

कुलटा कुटिल कुबुद्धि संग खेलके
अपनी पत क्युं हारो?
आनंदघन समता घर आवे
बाजे जीत नगारो
**अनुभव ! तुं है हितु हमारो...३**

अनुभव ! तुं है हितु हमारो,
अनुभव ! तुं है हितु हमारो,
आय उपाय करो चतुराई,
और को संग निवारो,
अनुभव ! तुं है हितु हमारो...१



અનુભવ ! તું અમારો હિતસ્વી છે. તું ચતુરાઈથી લાભનો ઉપાય કર, બીજાના સંગનું નિવારણ કર. ॥૧॥

મહાભારતનો પ્રસંગ છે... પાંડવો અને કૌરવો જુગાર રમ્યા. પાંડવો પોતાનું સર્વસ્વ હારી ગયાં. ત્યાં સુધી કે પત્નીને પણ હારી ગયા. ભર રાજસભામાં દ્રૌપદીને ઢસડી લવાઇ. દુર્યોધન અને દુઃશાસન અધમ કક્ષાએ ગયાં. દ્રૌપદીનું વસ્ત્રાહરણ શરૂ થયું. દ્રૌપદી બહાવરી બની. પાંડવો પાસે એણે સહાયયાચના કરી. પાંડવો માથું નીચું કરીને વિવશપણે બેઠા રહ્યા. દ્રૌપદી બેબાકળી થઈ ગઈ. એણે રાજસિંહાસન પર બેઠેલા ધૃતરાષ્ટ્રને વિનંતિ કરી, ‘‘આ અન્યાયને આપ અટકાવો.’’ ધૃતરાષ્ટ્ર મૌન રહ્યા. દ્રૌપદીની દશા શબ્દાતીત બની. એણે લગભગ ચીસ પાડીને ભીષ્મ પિતામહને વિનવણી કરી... ‘‘પિતામહ ! આપ આ અત્યાચારને અટકાવો. આપની એક જ ગર્જનાએ આ નરાધમોના હાજા ગગડી જશે...’’ પણ રે, પિતામહ પણ જાણે અદશ્ય બેડીઓથી જકડાયેલા હતાં.

હવે એકાગ્રમને દ્રૌપદીએ પ્રાર્થના કરી, ‘‘શ્રીકૃષ્ણ શરણં મમ.’’ એ જ ક્ષણે શ્રીકૃષ્ણ એની વહારે ધાયા. ચમત્કારિક રીતે વસ્ત્રપૂરવઠો ચાલુ થયો. દુઃશાસન વસ્ત્રાહરણ કરતાં કરતાં સાવ જ થાકી ગયો. દ્રૌપદીની આંખો બંધ છે. હાથ જોડેલા છે. મન પ્રાર્થનામાં લયલીન છે. સભા જુએ છે કે દ્રૌપદી ગોળ ગોળ ફરી રહી છે. વાસ્તવમાં તો એ શ્રીકૃષ્ણમાં સ્થિર છે.

વસ્ત્રના ઢગલાની ઊંચાઈ વધુ ને વધુ ઉંચી થતી જાય છે. દુઃશાસન હવે લોથ-પોથ થઇ ગયો છે...

આગળની કથા કહેવાની જરૂર નથી. અહીં આપણે એ જોવાનું છે, કે જ્યાં સુધી દ્રૌપદી સહાય માટે બીજે-ત્રીજે કરગરતી રહી, ત્યાં સુધી શ્રીકૃષ્ણ માત્ર સાક્ષી રહ્યા. જે ક્ષણે દ્રૌપદીએ અનન્ય શરણરૂપે એકાગ્ર મનથી શ્રીકૃષ્ણનો સ્વીકાર કર્યો, એક શરણાગત બનીને સહાય યાચના કરી, તે જ ક્ષણે શ્રીકૃષ્ણ એની સહાયમાં હાજર થઇ ગયાં.


એ મહાભારતની કથા તો હજારો વર્ષો પહેલા પૂરી થઇ ગઈ. પણ એક મહાભારત અનાદિકાળથી અવિરતપણે ચાલી રહ્યું છે. એ જેટલું ગુપ્ત છે, એટલું જ ગંભીર છે, એ જેટલું મૂક છે, એટલું જ ભયાનક છે. અઢાર દિવસનું યુદ્ધ તો એની સામે સાવ જ વામણું છે અને દ્રૌપદીના વસ્ત્રાહરણની ઘટના એની સરખામણીમાં કોઇ જ વિસાતમાં નથી.

આ મહાભારતમાં દ્રૌપદીના સ્થાને છે સમતા. વસ્ત્રાહરણ પ્રતિક છે વસમી દશાનું અને અસહાય અવસ્થાનું. એક કુલાંગના માટે આનાથી વધુ દુઃખદ ઘટના બીજી કઈ હોઇ શકે? સમતા પણ અત્યંત અસહાય અવસ્થા અનુભવે છે. દ્રૌપદીના પક્ષે ઊભા રહેવા માટે પાંડવો લાચાર હતા. તેમ સમતાના પક્ષે ઊભા રહેવા માટે તેનો સ્વામી તૈયાર નથી. સમતાએ સંવેદનાસભર સ્વરે વિનંતિઓ કરી. બહાવરી અને બેબાકળી બનીને દશે દિશાઓમાં દષ્ટિપાત કર્યો. જ્યાં ને ત્યાં કાકલુદીઓ કરી. છેવટે બધેથી હારી થાકીને એણે અંતર્નાદ કર્યો.

## अनुभव ! तुं है हितु हमारो

સમતાનો આ નાદ દ્રૌપદીના શબ્દોને કેટલો મળતો આવે છે... अनुभवः शरणं मम। હવે તો આત્માનુભૂતિ એ જ મારું શરણ છે. સમતાના શબ્દોનું વિશ્લેષણ કરીએ... સમતા એમ નથી કહેતી કે ‘તું મારો હિતસ્વી છે.’ સમતા અનુભવને એમ કહે છે કે ‘તું અમારો હિતસ્વી છે.’









જો તારી પાસે

આત્મજ્ઞાન નથી...

સ્વાનુભૂતિ નથી...

તો દુનિયાભરનું જ્ઞાન રાખવાની
તારી ચેષ્ટા તને હાસ્યાસ્પદ
બનાવી રહી છે... એમાં

તારું કોઈ જ ગૌરવ નથી.



## अनुभव ! तुं है हितु हमारो

'અમારો' એમ કહેવા પાછળ રહસ્ય છે. સમતા બરાબર સમજે છે કે અનુભવ એ પોતાના પણ હિતમાં છે અને પોતાના સ્વામી આતમરામના પણ હિતમાં છે. કારણ કે એ 'પોતાનો' અનુભવ છે.

દુનિયામાં અનુભવની બોલબાલા છે. કોઈ ડ્રાઈવરની નોકરી કરવા આવશે, તો એને પૂછવામાં આવશે, કે તને ડ્રાઈવિંગનો કેટલો અનુભવ છે? સેલ્સમેન, કલાર્ક, એકાઉન્ટન્ટ, સુપરવાઈઝર... કોઇ પણ સ્થાન એવું નહીં હોય, કે જેમાં અનુભવને મહત્ત્વ નહીં અપાતું હોય. પણ એ બધો જ 'પારકો' અનુભવ છે, પરાનુભૂતિ છે. જ્ઞાની ભગવંતો કહે છે - આત્મન્! એ તો 'ડ્રાઈવિંગનો' અનુભવ છે. 'તારો' અનુભવ નથી. અમે તો તને 'તારા' અનુભવ પર જ માર્ક્સ આપી શકીએ. જો તારી પાસે સ્વાનુભૂતિ નથી, તો લાખ પરાનુભૂતિ ભેગી થઈને પણ તારું કાંઈ જ ભલું કરી શકે તેમ નથી.

વેપારનો પણ અનુભવ હોય છે. નાટક અને મુવીનો પણ અનુભવ હોય છે. સૂવાનો પણ અનુભવ હોય છે અને વર્લ્ડ ટુરનો પણ અનુભવ હોય છે... એક જીવનમાં લાખો-કરોડો અનુભવોમાંથી આત્મા પસાર થાય છે... પણ એ બધા પરાનુભવ... એમાંથી એક પણ સ્વાનુભવ નહીં. એક વાત હૃદયમાં કોતરી રાખવા જેવી છે - સ્વાનુભવથી આત્માનો વિજય અને પરાનુભવથી આત્માનો પરાજય.

ગાંધીજી ક્યારેક આક્રોશ ઠાલવતા, કે ''ગામની ગલીઓની ગતાગમ નથી, અને ઇંગ્લેંડની નદીઓના નામો

## સ્વાનુભૂતિથી ગૌરવ...

પરાનુભૂતિથી પરાભવ...






## સ્વાનુભૂતિથી હિત...

પરાનુભૂતિથી અહિત...

ગોખી ગયો છે.'' છે ને વિચારણીય વાત !

એક પતિ સમાચારોનો ખૂબ જ શોખીન હતો. સવાર સવારમાં છાપામાં માથુ નાખીને બેઠો હતો, ત્યાં તો એની પત્નીએ હૈયાવરાળ ઠાલવી... ''હું કહું છું કે હવે મુકો આ છાપાને... દિલ્હીની ચોરીની ખબર પછી રાખજો. પહેલા આ ટોમી બિસ્કીટ ન ઉઠાવી જાય, તેનું ધ્યાન રાખો. અમેરિકા અને ઈરાકના યુદ્ધના સમાચાર પછી વાંચજો, પહેલા આ સ્વીટી અને પિંટુને ઝગડતા અટકાવો. આસામના ભારે વરસાદની ચિંતા પછી કરજો, પહેલા આ રસોડામાં લીકેજ થાય છે, એની મરામત કરાવો...''

પત્નીનો આશય સ્પષ્ટ છે... જેણે ઘરની પરિસ્થિતિ જાણી નથી, તે દુનિયાભરની માહિતી રાખે, એમાં એનું ગૌરવ નથી, બલ્કે હાસ્યાસ્પદતા છે. જ્ઞાની ભગવંતો કહે છે, તું તારા આત્માને જાણ. જો તારી પાસે આત્મજ્ઞાન નથી... સ્વાનુભૂતિ નથી... તો દુનિયાભરનું જ્ઞાન રાખવાની તારી ચેષ્ટા તને હાસ્યાસ્પદ બનાવી રહી છે... રખે ભ્રમણામાં રહેતો, એમાં તારું કોઈ જ ગૌરવ નથી.


સ્વાનુભૂતિથી ગૌરવ... પરાનુભૂતિથી પરાભવ... સ્વાનુભૂતિથી હિત... પરાનુભૂતિથી અહિત... સમતાના શબ્દો હવે કેટલા સ્પષ્ટ બની ગયા છે !...

### अनुभव ! तुं है हिंतु हमारो

જીવ એ આત્મદ્રવ્ય છે. સમતા એ આત્મગુણ છે. આત્માનુભૂતિ એ બંનેની હિતકર્તા છે. જ્યાં સુધી 'અનુભવ'નો ઉદય ન થાય, ત્યાં સુધી આત્મા અને સમતાનો પણ ઉદય નથી થતો.

જે માણસ વેપાર કરે છે, એને સતત એનો નફો દેખાય છે. જે માણસ નોકરી કરે છે, એને સતત એનો પગાર દેખાય છે. વિદ્યાર્થી ટ્યુશન કરાવે છે. એના લક્ષ્યમાં એને હંમેશા સારું પરિણામ દેખાય છે. નવદંપતિને સતત સંસારસુખ દેખાય છે... ટૂંકમાં બધાની દૃષ્ટિ પોતાના લાભ ઉપર જ સ્થિર હોય છે, પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ ઈચ્છિત લાભનું પ્રયોજન હોય છે. ફરી ફરીને પણ માણસ એ જ વિચારમાં સ્થિર થાય છે કે 'આમા મારું શું?' 'આનાથી મને શું મળશે?'

કા...શ જીવની આ જ વિચારશક્તિ એના આત્મહિતના વિષયમાં કુંઠિત ન થતી હોત તો? અનુભવ એ જીવનો હિતકારક છે. નફો કહો, પગાર કહો, સત્પરિણામ કહો કે સુખ કહો, જે કહો એ અનુભવ છે. આ સમગ્ર વાસ્તવિકતાનો સાર છે સમતાના શબ્દો...



## અનુભવ ! તું હૈ હિતુ હમારો

હિત એ શ્રેય છે. અહિત એ આત્માને અનાદિકાળથી પ્રેય (પ્રિય) છે. પ્રેય કદી પણ શ્રેય બનવાનું નથી એ વાસ્તવિકતા છે. આ સ્થિતિમાં બહેતર છે કે આપણે શ્રેયને જ પ્રેય બનાવી દઇએ. આત્માનુભૂતિ એ જ આપણું શ્રેય અને એ જ આપણું પ્રેય.

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च...

આવી પ્રાર્થના પરમાત્માને કરાય છે, તેની પાછળ પણ રહસ્ય છે. ‘‘પ્રભુ ! તમે જ મારા માતા છો, તમે જ પિતા છો,’’ એમ કહ્યા પછી જાણે એક સંતાન, પોતાનો હક માંગતો હોય, એમ ભક્ત કહે છે કે, ‘હવે આપ મારું કુશળ-મંગળ કરો... યોગક્ષેમ કરો.’ અનુભવ ! તું મારો હિતસ્વી છે, એમ કહ્યા પછી સમતા પણ આવી જ વાત કરી રહી છે -

### आय उपाय करो चतुराइ


અનુભવ ! તું લાભનો ઉપાય કર... સમતાના શબ્દો જેટલા સરળ છે, એટલા જ અર્થગંભીર છે. એક વેપારીને મન પૈસા સર્વસ્વ છે, એક સંતાનને મન માતા સર્વસ્વ છે, એક સતીને મન પતિ સર્વસ્વ છે. સમતાને પોતાનો લાભ એમાં જ દેખાય છે, કે એનો પતિ એના તરફ ઢળે. તે જ એના પતિના પ્રેમનું એક માત્ર પાત્ર બને.

‘અનુભવ’નું આ જ તો કાર્યક્ષેત્ર છે. આ જ તો એની જાદુઈ શક્તિ છે. ‘અનુભવ’ની જ આ ક્ષમતા છે કે આત્માના પ્રત્યેક પ્રદેશને સમતાના રંગે રંગી નાખે... આત્માને પ્રત્યેક પળે સમતામય બનાવી દે. આ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરવા માટે અનુભવને અથાગ પરિશ્રમ કરવો પડે છે એવું નથી. આત્માને સમતાનુરાગી બનાવવા માટે એણે વર્ષો સુધી આત્માને શિક્ષણ આપવું પડે છે એવું પણ નથી. અનુભવની ક્ષમતા કલ્પનાતીત છે. એ માત્ર એક વાર આત્માને મળે, ફક્ત એક વાર પોતાનો સાક્ષાત્કાર કરાવે, એટલે આત્માના દેદાર પલટાઈ જાય છે, આત્માની દૃષ્ટિ ફરી જાય છે, આત્માના અસ્તિત્વનું જાણે એક નવું પરોઢ શરૂ થાય છે.






સમતા માત્ર સતી જ છે, એવું નથી. એ સમજુ પણ છે. અનુભવને એ



આજીજીભરી પ્રાર્થના કરે છે, એની પાછળ એની સમજ કામ કરી રહી છે. બાળક અણસમજુ છે તેથી કોઈ પણ આપત્તિમાં એ 'મમ્મી'નું રટણ કર્યા કરે છે. એને ખબર નથી, કે મારી બધી આપત્તિને દૂર કરવાનું મમ્મીમાં સામર્થ્ય જ નથી. સમતાની સ્થિતિ એ બાળક જેવી નથી. સમતા સમજે છે કે અનુભવ આત્મા સાથે એક ક્ષણ માટે પણ મિલન કરે, તો પોતાના અને આત્માના શાશ્વત સુખની શરૂઆત થઈ જવાની છે. માટે જ એ કહે છે -





## આય ઉપાય કરો ચતુરાઇ

વિશ્વમાં કોઇ પણ વ્યક્તિનું કામ માત્ર ક્ષમતાના આધારે નથી થતું, તેની સાથે ચતુરાઈ હોવી પણ આવશ્યક છે. અન્યથા ક્ષમતા ચાહે ગમે તેટલી હોય, એ સફળ ન થાય.

ચાર સરદારજી હતા. ચારેનું શરીર એવું હતું કે સુમો પહેલવાનને પણ શરમાવે. એક વાર તેઓ કારમાં બેસીને ફરવા નીકળ્યા. વચ્ચે હોટલનું બોર્ડ જોઇને તેમને ભૂખ લાગી ગઈ. પેટ ભરીને નાસ્તો કર્યો અને ગાડીમાં બેઠા. પણ આ શું? ગાડી ચાલુ જ નથી થતી. ન છૂટકે બધા બહાર નીકળ્યા. ધક્કા લગાડવા લાગ્યા. તો ય ગાડી ટસની મસ થતી નથી. બિચારા, પરસેવે રેબ ઝેબ થઈ ગયા. થાકીને લોથ-પોથ થઈ ગયા. બધી શક્તિ લગાડીને ધક્કો મારવા લાગ્યા. તો ય ગાડી એક તસુ જેટલી પણ ખસતી નથી.

ત્યાંથી એક વાણિયો પસાર થતો હતો, તે હસવા લાગ્યો. સરદારજીઓ ગુસ્સે થઇ ગયા. વાણિયો કહે, ''હસું નહી તો શું કરું? આખી જિંદગી ધક્કા માર્યા કરશો તો ય ગાડી નહીં ચાલે.'' ''પણ કેમ?' ''તમે બંને બાજુથી બે-બે જણ સામ સામે ધક્કા મારો છો, આ સ્થિતિમાં ગાડી શી રીતે ચાલે?''

## આય ઉપાય કરો ચતુરાઈ

ક્ષમતાને નિપુણતાનો સાથ જોઈએ છે. આ બંનેનો સાથ મળ્યો છે અનુભવમાં. અનુભવ સક્ષમ પણ છે અને નિપુણ પણ છે. આત્મા અને અનુભવનું એક વાર મિલન થાય એટલે આત્મા સમતા રસમાં ઝીલવા લાગે.

स्त्रैणे तृणे ग्राव्णि च काञ्चने च,
भवे च मोक्षे समतां श्रयन्तः।
(सर्वत्र साम्योपनिषन्निषण्णाः)
समाधिभाजः सुखिता भवन्ति।।

(સમાધિસામ્યદ્વાત્રિંશિકા ૧૭)

પછી તો સ્ત્રીઓનો સમૂહ હોય કે ઘાસનો ઢગલો હોય... પથ્થર હોય કે સોનું હોય... સંસાર હોય કે મોક્ષ હોય... બધે જ એ આત્માની આંતરપ્રેક્ષા પ્રતિષ્ઠિત હોય સામ્યરહસ્યમાં... એ આત્મા સતત રમણ કરતો હોય સમાધિમાં... પરમ સુખ આળોટતું હોય એના પ્રત્યેક પ્રદેશમાં. સમતાની આ ઈષ્ટસિદ્ધિ ત્યારે જ થાય, જ્યારે

અનુભવ પોતાની ક્ષમતા અને નિપુણતાને સક્રિય બનાવે... આત્માને સમતામય કરી દે... એ પણ ત્યારે જ શક્ય બને, કે જ્યારે અનુભવ આત્માને મમતાના પાશમાંથી છોડાવી દે. માટે જ સમતા કહે છે -

**और को संग निवारो**

અનુભવ! આત્માનું અધઃપતન કર્યું છે મમતાએ. મારી આ દુર્દશા કરી છે મમતાએ. મારા આય નો ઉપાય એટલે બીજું કાંઈ જ નહીં, પણ મમતાના સંગનું નિવારણ. અનુભવ! શરીર પરથી ય આત્માની મમતા ઉતરી જાય, એ સામર્થ્ય તારું છે... વિચાર અને અભિપ્રાય પરથી પણ આત્માનું મમત્વ ઓસરી જાય, એ તારા હાથની વાત છે. શંખ અને કાંસ્યપાત્ર જેવી નિરંજનતા આત્માને આત્મસાત્ થાય, એ તારી જ કૃપાથી શક્ય છે. લાવણ્યમયી રૂપસુંદરી અને અશુચિમય ઉકરડો... એ બેની વચ્ચે આત્માને મીનમેખ પણ ફરક ન લાગે, એ સ્થિતિ તને સ્વાધીન છે.

ચાતક જો તરસ્યું જ રહે, તો એમાં ગરજતા વાદળનું કોઈ ગૌરવ નથી, બલ્કે એની નામોશી છે. યાચક જો યાચના જ કરતો રહે તો એમાં દાનવીરની કોઈ ઉદારતા નથી, બલ્કે એનું કલંક છે. શરણાગતની આંખો જો અશ્રુધારા વહાવતી જ રહે, તો એ શરણ્યની શાખ નથી, બલ્કે એના માટે શરમજનક બીના છે.


અનુભવ ! સમતાની આ વેદના જો સંવેદના બનીને ગુંજ્યા જ કરશે, તો એ તારા માટે શોચનીય બીના છે. એક વાર... બસ એક વાર તું આત્માને તારો સાક્ષાત્કાર કરાવ... ફક્ત એક વાર તું આત્મા સાથે મિલન કર...

**આત્મા + અનુભવ = આત્માનુભૂતિ.**
**આ જ તો મોક્ષનું બીજું નામ છે.**


આત્મા કર્મોની બેડીઓથી મુક્ત બને,
એ દ્રવ્યમોક્ષ છે.
આત્મા મમતાના
પાશથી મુક્ત બને,
એ ભાવમોક્ષ છે.
આત્મા અને અનુભવનું
મિલન કહો,
આત્માનુભૂતિ કહો,
સમતાપરિણય કહો,
મમતાનિવારણ કહો,
કે પછી ભાવમોક્ષ કહો...
આ બધા જ
પર્યાયશબ્દો છે...
શબ્દ અનેક છે, અર્થ એક છે.



સમતાની વેદના પરાકાષ્ઠાએ પહોંચી, તો એ સંવેદના બની...
હવે એ જ સંવેદના પરાકાષ્ઠાને આંબીને પરિનિંદના બની રહી છે...











तृष्णा रांड भांड की जाइ
कहा घर करे सवारो?

शठ ठग कपट कुटुंब ही पोषे
मन में क्युं न विचारो?

**अनुभव ! तुं है हितु हमारो...२**






તૃષ્ણા તો રાંડ છે. એ ભાંડની દીકરી છે. એ ક્યાં ઘરે આબાદી કરશે? એ શેઠ છે, ઠગ છે અને કપટથી કુટુંબને પોષનારી છે. એવું તમે મનમાં કેમ વિચારતા નથી? ॥૨॥

પતિનો સદા માટેનો વિયોગ સૌભાગ્યવતીને વિધવા બનાવે છે. વિધવા માટે ગામઠી ભાષામાં વપરાતો શબ્દ છે 'રાંડ'. તૃષ્ણાને (મમતાને) અહીં રાંડ કહી છે, એની પાછળ ગજબનાક રહસ્ય છે. તૃષ્ણા આજ સુધીમાં અનંત અનંત પતિઓ સાથે શાશ્વત વિયોગ પામી છે. એક-એક સિદ્ધાત્મા તેના પાશમાંથી સદા માટે મુક્ત થયો... અને તૃષ્ણા વિધવા થઈ. બીજો એક ભવ્યાત્મા સિદ્ધ થયો અને તૃષ્ણા ફરી વિધવા થઈ... આ રીતે તૃષ્ણા વિધવા થઈ... હજારો-લાખો વાર નહીં... કરોડો-અબજો વાર નહીં... અસંખ્ય વાર નહીં... અનંત વાર પણ નહીં... પણ અનંત અનંત વાર. જો એક વાર પતિ સાથે વિયોગ થવાથી પણ વિધવા થવાતું હોય, તો તૃષ્ણા તો અનંત અનંત વાર પતિવિયોગ પામી છે, એ તો સુતરાં વિધવા છે. સમતાના શબ્દોમાં વિરૂપતા નથી, પણ વાસ્તવિકતા છે...

વિધવા તો અપશુકનિયાળ કહેવાય... કમભાગિણી કહેવાય, એની સાથે સંબંધ કરીને તમે તમારી જાતની વગોવણી કેમ કરો છો? અનંત પતિઓને જેણે દુઃખી કરવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી... સુખનો અંશ પણ નથી આપ્યો, અને દુઃખના પહાડ ઝીંકી દીધા છે. એની પાસે આપ શી આશા રાખો છો? તૃષ્ણા પાસે સુખની આશા રાખવી, એ મૃગતૃષ્ણા પાસે પાણીની આશા રાખવા બરાબર છે. જેમાં માત્ર દોટ છે, થાક છે, હાંફ છે, કષ્ટ છે, ગ્લાનિ છે, પણ તૃપ્તિની કોઈ જ સંભાવના નથી.

તૃષ્ણા માત્ર રાંડ છે, એવું નથી. એની જાતિ પણ સાવ જ હલકી છે.

## तृष्णा रांड भांड की जाइ

જેનામાં ચારિત્ર જેવી કોઈ વસ્તુ ન હોય, આચાર-વિચારમાં જે સાવ જ છેલ્લી પાટલીએ બેઠી હોય, દુનિયાનું કોઈ પણ પાપ જે સાવ જ ક્ષોભરહિતપણે કરી શકતી હોય, અધમમાં અધમ કૃત્ય કર્યા પછી પણ જેને કોઇ જ અફસોસ ન હોય, બલ્કે અહંકાર હોય, એનું નામ ભાંડ જાતિ. તૃષ્ણા ભાંડ જાતિની છે - ભાંડની દીકરી છે, એમ કહેવું એ તેના લાખો દોષોને સંક્ષિપ્તમાં કહેવા બરાબર છે.

ગુજરાતનો એક રાજા જ્યારે એક મહિનાનો બાળક હતો, ત્યારે તેના પ્રાણ જોખમમાં મુકાયા. મંત્રીએ કુનેહ દાખવી તેને એક ભંગી દ્વારા સુરક્ષિત સ્થાને મુકાવી દીધો. જોનારાને લાગે કે ભંગી મેલાનો ટોપલો ઉપાડી જાય છે. માત્ર ભંગીને જ ખબર હતી કે ટોપલામાં તો ગુજરાતનો ભાવિ રાજા છે. કામ થઈ ગયું. મંત્રીએ ભંગીને કહ્યું, ''જોઈએ એ માંગી લે.'' ભંગીએ કટાર માંગી. મળતાની સાથે પોતાના પેટમાં ખોસી દીધી. મંત્રી ચોંકી ગયો... ''આ શું કર્યું?'' અસહ્ય વેદના થતી હોવા છતાં પણ ભંગીએ સ્વસ્થતાથી કહ્યું, ''અમારી ભંગીની જાત... અમને પેટ (ગંભીરતા) ન હોય. ન જાણે ક્યારેક કાંઇક બોલાઈ જાય અને ગુજરાતના રાજાને... પણ હવે હું જાઉં છું, એટલે વાંધો નહીં.'' એક ભંગીની આ મહાનતાએ મંત્રીની આંખોને ય સજળ બનાવી દીધી.

ભંગીમાં ગંભીરતા નહી હોય, કબૂલ. તો ય એ ગુણવાન હતો, કારણ કે એનામાં સૌજન્યતા અને સજ્જનતા હતી. ભાંડ તો ભંગી કરતાં ય નીચલી કક્ષા છે, જેમાં ગુણોનું નામોનિશાન નથી, અને દોષોનો પાર નથી.

## तृष्णा रांड भांड की जाइ

એક અબજોપતિના એક માત્ર વારસદારને જે આખી જિંદગી એક ભિખારી કરતાં પણ બદતર જીવન જીવવા માટે મજબૂર કરે... એના અધિકારની મિલકતમાંથી એને એક પૈસો પણ ન લેવા દે... અરે એને એની સંપત્તિની જાણ પણ ન થવા દે, એને આપણે શું કહીએ? ક્રૂર, નિષ્ઠુર, અધમ... કદાચ આ શબ્દો પણ આપણને ઓછા લાગશે... તૃષ્ણાએ આપણા આત્મા સાથે જે દુર્વ્યવહાર કર્યો છે, એ તો આને પણ ક્યાંય ઓળંગી જાય તેવો છે.

અનંત આત્મસમૃદ્ધિથી આત્માને તદ્દન અજાણ રાખ્યો તૃષ્ણાએ. આત્માનુભૂતિના અક્ષય આનંદથી આત્માને વંચિત કર્યો તૃષ્ણાએ... અનંત કાળની આત્માની વ્યથાની કથા છે. એ કથાની સૂત્રધાર છે તૃષ્ણા. આજની તારીખમાં ય આપણો આત્મા જીવન્મુક્તિના મહાનંદથી વંચિત છે તેનું કારણ છે તૃષ્ણા. ઉત્તરાધ્યયનસૂત્ર નામના આગમમાં કહ્યું છે -

भवतण्हा लया वृत्ता भीमा भीमफलोदया।

સંસારતૃષ્ણા એક ભયાનક વેલડી છે. તેમાં જે ફળ આવે છે, તે ય ભયાનક હોય છે.

આત્મન્ ! જો તું ક્રોધી હોય, તો તારો બધો જ ક્રોધ તૃષ્ણા પર ઉતારી દેજે. કારણ કે એ જ તારી ખરી શત્રુ છે. એણે તારું બગાડવામાં કાંઇ જ બાકી રાખ્યું નથી. જો તું અહંકારી હોય, તો તૃષ્ણાએ તારા જે અપમાનો અને પરાભવો કર્યા છે, એનો બદલો લીધા વિના નહી રહેતો. તને માયા કરતા આવડતી હોય, તો એક ખેલ તૃષ્ણાની સામે ખેલી દે.

'સંતોષ'નો દાવપેચ રમીને તૃષ્ણાને ધોબીપછાડ હાર ખવડાવી દે. 'લોભ' એ જો તારો સ્વભાવ બની ગયો હોય, તો હવે આત્મિક સુખનો લોભ જગાડી દે. એના માટે તારે તૃષ્ણાને દેશવટો આપવો જ પડશે. કારણ કે એણે જ તારું સર્વ સુખ હડપ કરી દીધું છે.

## तृष्णा रांड भांड की जाइ

પહેલી વાર જ્યારે આ શબ્દો સાંભળ્યા, ત્યારે લાગ્યું કે સમતા આટલા કઠોર શબ્દ કેમ બોલી રહી છે ! પણ હવે જ્યારે તૃષ્ણાના સ્વરૂપનો વિચાર કર્યો, ત્યારે લાગે છે કે સમતાના શબ્દો તો ઘણા જ કોમળ છે, અને તૃષ્ણાનું સ્વરૂપ અનેકગણું કઠોર છે. **મહાભારતના** આ શબ્દો જુઓ –

तृष्णा हि सर्वपापिष्ठा, नित्योद्वेगकरी स्मृता।
अधर्मबहुला चैव, घोरा पापानुबन्धिनी।।

છેલ્લામાં છેલ્લી કક્ષાની કોઇ પાપિણી હોય, તો એ છે તૃષ્ણા. સદાના માટે ઉદ્વેગકારક છે તૃષ્ણા. અધર્મથી ભરેલી છે તૃષ્ણા. એ ભયાનક પણ છે અને પાપોની પરંપરાને ઊભી કરનારી પણ છે.

या दुस्त्यजा दुर्मतिभि – र्या न जीर्यति जीर्यतः।
योऽसौ प्राणान्तिको रोग – स्तां तृष्णां त्यजतः सुखम्।।

તૃષ્ણાનો ત્યાગ કરવો એ દુર્બુદ્ધિઓના ગજા બહારની વાત છે. વ્યક્તિ ઘરડી થઇ જાય છે, પણ તેની તૃષ્ણા ઘરડી થતી નથી. તૃષ્ણા એક એવો રોગ છે, જેનો અંત છે મોત. એ પણ એક મોત નહીં, પણ અનંત મોત. સુખ જોઈતું હોય, તો એનો એક જ માર્ગ છે – તૃષ્ણાને છોડી દો.

अनाद्यन्ता तु सा तृष्णा, अन्तर्देहगता नृणाम्।
विनाशयति भूतानि, अयोनिज इवानलः।।

તૃષ્ણાની આદિ પણ નથી અને તેનો કોઇ અંત પણ નથી. એ જીવોના દેહની ભીતરમાં રહે છે અને જીવોનો સત્યાનાશ કરતી રહે છે. તૃષ્ણા એટલે એક લોહાગ્નિ... એ માત્ર દઝાડતી જ નથી, ભસ્મીભૂત પણ કરી દે છે. સમતાના અસભ્ય લાગતા શબ્દો પણ હવે સુસભ્ય ભાસી રહ્યા છે –

## तृष्णा रांड भांड की जाइ, कहा घर करे सवारो?

આત્મન્ ! તૃષ્ણાની જાત જ એવી છે, કે એ તારા ઘરને આબાદ નહીં પણ બરબાદ બનાવશે. મારી વાતનું પ્રમાણપત્ર તારો પોતાનો જ ભૂતકાળ છે. જરા પાછળ ફરીને જો તો ખરો... એક તીણી ચીસ નીકળી જશે.

તૃષ્ણાએ તને વૃક્ષ બનાવ્યો. સેંકડો વર્ષો સુધી તું જાણે 'અપ્પાણં વોસિરામિ' કરીને ઊભો રહ્યો. ઠંડી, ગરમી, વરસાદ, છેદન, ભેદન... બધું જ મૂંગે મોઢે સહન કરતો રહ્યો. તૃષ્ણાએ તને ઈયળ બનાવ્યો. યા તો કોઈના પગતળે તું કચરાઈ ગયો, યા તો કોઈ પક્ષી તને ગળી ગયું. તૃષ્ણાએ તને કીડી બનાવ્યો. કોઇ વાહનના પૈડા નીચે તને કરુણ રીતે કચરાવી દીધો. તૃષ્ણાએ તને મચ્છર બનાવ્યો. રે... મચ્છરની જેમ જ તને ચોળી પણ નાખ્યો. તૃષ્ણાએ તને માછલી બનાવ્યો. કોઈ મોટા માછલાના તીક્ષ્ણ દાંતો વચ્ચે તું ભીંસાયો, તું ચવાયો, તારા શરીરમાંથી લોહીની પિચકારીઓ છૂટી, તારા માંસના લોચે લોચા નીકળી ગયા, તું છટકવા માટે જેમ જેમ તરફડિયા મારતો ગયો, તેમ તેમ તારા શરીરના ટુકડા થવાની ઝડપ વધતી ગઈ, અને આખરે...

આત્મન્ ! જેનું ઉદ્ગમબિંદુ જ નથી એવો આ સંસાર... કેટલો અધધધ કાળ ! વિચાર કરતાં ચક્કર આવી

જાય... સરવાળો કરતાં પાર જ ન આવે, એવો આ સંસાર... આટઆટલો કાળ તે શી રીતે પસાર કર્યો, એનો જવાબ છે ઉપરોક્ત ભયાનક ઘટનાઓ. તૃષ્ણાએ તારી જે ભયંકર બરબાદી કરી છે, તેની સાવ જ નાનકડી ઝલક છે આ ઘટનાઓ. તું તારી જાતને બુદ્ધિશાળી માને છે ને? જો આચારાંગસૂત્ર તને જ ઉદ્દેશીને કાંઇક કહી રહ્યું છે -

आसं च छंदं च विगिंच धीरे तुम चेव सल्लमाहट्टु ।।१-२-४।।

જો તું બુદ્ધિશાળી હોય, તો તૃષ્ણા અને ઇચ્છાનો ત્યાગ કરી દે. આ તો એ કાંટા છે, જેને મનમાં રાખીને તું દુઃખી થઇ રહ્યો છે.

ચતુર્ગતિમાં ભ્રમણ એ દ્રવ્યસંસાર છે. તૃષ્ણા એ ભાવસંસાર છે. ભાવસંસારનું જે કારણ બને છે, તેને પણ દ્રવ્યસંસાર કહેવાય છે. અષ્ટાવક્રગીતામાં કહ્યું છે -

यत्र यत्र भवेत्तृष्णा, संसारं विद्धि तत्र वै ।।१०-३।।

તને જેના જેના પર તૃષ્ણા છે, સમજી લે કે ત્યાં ત્યાં તારો સંસાર છે.

આત્મન્ ! આ જ તો તૃષ્ણાની કાળી કરતૂત છે... જે એને પાળે છે, પોષે છે, પ્રાધાન્ય આપે છે, એના એ એવા બુરા હાલ કરે છે, કે જેનું વર્ણન પણ ન થઇ શકે.

## शठ ठग कपट कुटुंब ही पोषे

તૃષ્ણા શઠાઇ કરે છે, તને અંધારામાં રાખીને તારી બરબાદી કરે છે. વાત આટલે અટકતી નથી. એ ઠગાઇ કરે છે, તારી આંખોમાં ધૂળ નાખીને તારી સામે જ તને લૂંટી લે છે અને આ રીતે કપટથી લૂંટી લૂંટીને એ પોતાના પરિવારનું


જયાં જયાં તૃષ્ણા
ત્યાં ત્યાં સંસાર





Wishing the
constant hectic
of
the fool

તૃષ્ણા આબાદ
તો તું બરબાદ





Death of
desire
=
Birth of
infinite pleasure

પોષણ કરે છે. જે પત્ની પતિને વફાદાર ન હોય, તેની વૃત્તિ એવી હોય કે જેમ બને તેમ પતિને વધુ ને વધુ ચૂસીને, નિચોવીને, ખંખેરીને પિયરમાં પોતાના કુટુંબને પોષે. તૃષ્ણા પણ અવી જ પતિદ્રોહિણી છે. તને એ પૂરે પૂરો ખંખેરી લે છે અને પોતાના પરિવારને પોષે છે. દુનિયાના સર્વ દોષો એના પરિવારના સભ્ય છે.

આત્મન્ ! સર્વગુણસંપન્ન તારું વ્યક્તિત્વ છે. એને સર્વદોષદૂષિત બનાવ્યું તૃષ્ણાએ. તારા અસ્તિત્વને સર્વથા કલુષિત કરી દીધું તૃષ્ણાએ. હજી ય તું તૃષ્ણાને છોડતો નથી, એ કેટલી શોચનીય બીના છે ! રે... પ્રશ્ન તો એ છે કે તૃષ્ણા હવે તારું શું બગાડશે? કારણ કે તારા સર્વસ્વનું એ સત્યાનાશ કાઢી ચૂકી છે... હા, હવે થઇ શકે છે એ જ સત્યાનાશનું પુનરાવર્તન... જીવ નિત્ય છે, સંસાર અનાદિ અનંત છે, નરક શાશ્વત છે, તારે તૃષ્ણાને છોડવી નથી... બસ, હવે પરિણામ સ્પષ્ટ છે. જે પરિણામ એટલી હદે ભયાનક છે, કે તેને જણાવવા માટે ભયાનક શબ્દ મોળો પડે છે અને ખતરનાક શબ્દમાં ખાલીપો વર્તાય છે.

આત્મન્ ! શા માટે હાથે કરીને તું ખુદ તારી જાતનો દુશ્મન બને છે? આટલા સ્પષ્ટ પરિણામને જોયા પછી તું કમ સે કમ કાંઇક વિચાર તો કર?

### મનમેં ક્યું ન વિચારો?

તું તારા હિત અને અહિતનો વિચાર કરે, હિતનો આદર કરી અહિતનો ત્યાગ કરે, એમાં જ તારી વિચારશક્તિનું સાફલ્ય છે... એમાં જ તારી વિવેકપ્રજ્ઞાની સાર્થકતા છે.

આત્મન્ ! એક વાર તારી આ શક્તિને સફળ કરી દે. એક રાંડ અને ભાંડના આંખના ઈશારે નાચવામાં તારું કોઈ ગૌરવ પણ નથી અને એમાં તને કોઇ લાભ પણ નથી. એક ક્ષણ માટે પણ તું તારી જાતને તૃષ્ણાથી મુક્ત કરી દે. સામે ભાવતા ભોજન પડ્યાં છે... તું તારી નજર ફેરવી દે. સામે કામણગારી કામિની ખડી છે... તું તારી આંખોને ઢાળી દે. સંગીતના સૂરો તને લોભાવવા મથે છે... તું તારા કર્ણોને અંતર્નાદ તરફ વાળી દે. મનમોહક સુગંધો તને મોહિત કરી રહી છે... તારા મનને શીલસુરભિ પ્રત્યે આકર્ષિત કરી દે... ના આ ક્ષણે તો ન જ ચૂકતો. આ એક ક્ષણ માટે તારા સમગ્ર વ્યક્તિત્વને તૃષ્ણાથી મુક્ત બનાવી દે. આ એક ક્ષણ માટે સર્વથા સંપૂર્ણપણે અંતર્મુખ અને આત્મમુખ બની જા.

બસ, હવે વધુ તને કાંઇ જ કહેવાનું રહેતું નથી. આત્મિક સુખનો આ ક્ષણિક રસાસ્વાદ શાશ્વત સુખની અભિલાષા કરાવશે. આ અભિલાષા પ્રચંડ પુરુષાર્થમાં સ્વયં પરિણમશે. એ પ્રચંડ પુરુષાર્થ તને શાશ્વત સુખની ભેટ દેશે.

तृष्णा जहा होवे वहा ही जान ले संसार है।<br>
होवे नही तृष्णा जहाँ, संसार से सो पार है।।

આત્મન્ ! એક બીજી વાત કહું? તને તૃષ્ણા છે, કબૂલ. તું અતૃપ્ત છે, કબૂલ. તું તૃપ્તિને ખોળી રહ્યો છે, કબૂલ. પણ એને બહાર ક્યાં ખોળી રહ્યો છે. અનાદિકાળથી ચૌદ રાજલોકના મહાવિરાટ ક્ષેત્રની તસુએ તસુ ભૂમિ પર તું એને શોધી ચૂક્યો છે, આ મહાવિરાટ ક્ષેત્રની એવી કોઈ જ જગ્યા બાકી નથી, કે જ્યાં તે અનંત અનંત વાર ખાખાખોળા ન કર્યા હોય... હજી ય તું એ જ મથામણ કરે છે?

આત્મન્ ! આજે એક પરમ રહસ્યને તારી સમક્ષ પ્રગટ કરું છું... જે સ્રોત તારા પોતાનામાંથી નથી નીકળ્યો, એમાંથી

તને સાચી તૃપ્તિ કદી પણ મળવાની નથી.

પથ્થરમાંથી તેલની તૃષ્ણા... બળદ પાસેથી દૂધની તૃષ્ણા... સૂર્ય પાસેથી શીતળતાની તૃષ્ણા... એના જેવી જ છે પુદ્ગલ પાસેથી સુખની તૃષ્ણા. અનંત જીવન વીતી ગયા... અનંત જિંદગી વીતી જશે. આ તૃષ્ણા કદી પણ તૃપ્તિમાં પરિણમવાની નથી.

તેલ જોઇતું હશે, તો પથ્થરને છોડીને તલ પીલવા પડશે. દૂધ જોઇતું હશે, તો બળદને મૂકીને ગાયને દોહવી પડશે, શીતળતા જોઇતી હશે, તો સૂર્યના બદલે ચંદ્રના શરણે જવું પડશે... બરાબર આ જ રીતે સુખ જોઈતું હોય, તો પુદ્ગલને છોડીને આત્મા તરફ ઢળવું પડશે.

नाकारणं भवेत् कार्यं, नान्यकारणकारणम्।

એક શાશ્વત સિદ્ધાંત છે કે દુનિયામાં કોઈ પણ કાર્ય થાય છે, તે નિષ્કારણ નથી થતું. તેનું કોઇ ને કોઇ કારણ જરૂર હોય છે. અને જે કાર્યનું જે કારણ હોય, તે જ કારણથી તે કાર્ય થાય, બીજાથી નહીં. સુખનું કારણ છે આત્મા, સુખનો એક માત્ર સ્રોત છે આત્મા, તેથી આત્મા સિવાય દુનિયામાં બીજા કોઈથી સુખની પ્રાપ્તિ શક્ય નથી.

આત્મન્ ! તારે સુખી થવું છે ને? તો એક જ તૃષ્ણા કરી લે, તૃષ્ણાથી મુક્ત થવાની... Desire to be desireless. આ એક જ તૃષ્ણા તારી અનંત તૃષ્ણાનો વિલય કરી દેશે.

તૃષ્ણાનો ત્યાગ આવશ્યક જ નથી, અનિવાર્ય પણ છે. કારણ કે એના સંગમાં આત્માની આબરુના ધજાગરા પણ થાય છે. તૃષ્ણાનું સ્વરૂપ જ એવું છે, કે એનો સંગ કરનાર લજ્જાસ્પદ બને. અંતિમ કડીમાં આ જ વાસ્તવિકતાનું બયાન થઇ રહ્યું છે...








# DESIRE to be DESIRELESS



તારું સૌંદર્ય...

તારું સૌહાર્દ...



તારી કીર્તિ...

તારી પ્રતિષ્ઠા...

તારી આબરૂં...





આ બધાને
શા માટે પાણીમાં...
ના, બલ્કે કીચડમાં
ડુબાડી રહ્યો છે?

कुलटा कुटिल कुबुद्धि संग खेलके
अपनी पत क्युं हारो?

आनंदघन समता घर आवे
बाजे जीत नगारो

**अनुभव ! तुं है हितु हमारो...३**





તૃષ્ણા કુલટા છે, વક્ર છે, કુબુદ્ધિ છે. એની સાથે રમણ કરીને પોતાની આબરુ કેમ ગુમાવો છો ? આનંદઘનસ્વરૂપ આત્મા ! એક વાર તમે સમતાના ઘરે આવો. પછી જુઓ, કેવો વિજયડંકો વાગે છે ! ।।૩।।

એક અવિસ્મરણીય આચાર્ય હતા બપ્પભટ્ટસૂરિ. આમરાજા એમનો ભક્ત હતો. એક વાર આમરાજાને એક ચંડાળ કુળની સ્ત્રી પર આસક્તિ થઇ ગઈ. એની સાથે ભોગ ભોગવવા માટે એનું મન વિહ્વળ બન્યું. નગરની બહાર એણે એક મહેલ બંધાવ્યો, જ્યાં એ છૂપી રીતે પોતાની કામના પૂરી કરી શકે.

બપ્પભટ્ટસૂરિને આ વાતની જાણ થઈ. રાજાને પ્રતિબોધ કરવા માટે તેઓ તે મહેલમાં ગયા. તે મહેલની દીવાલ પર તેમણે એક શ્લોક લખ્યો. જેનો અર્થ હતો-પાણી ! તું વિશ્વમાં સૌથી પવિત્ર વસ્તુ છે. શીતળતા, નિર્મળતા, તૃપ્તિકારકતા આ બધા તારા પ્રાકૃતિક ગુણો છે. વધુ તો શું કહું? મલિન વસ્તુઓ પણ તારા સંપર્કમાં આવીને નિર્મળ બની જાય છે. પાણી ! જો તું પોતે જ નીચ માર્ગે જવા માંગે છે, તો તને કોણ અટકાવી શકે?

त्वं चेन्नीचपथेन गच्छसि पयः ! कस्त्वां निरोद्धुं क्षमः ?

આમરાજાએ આ શ્લોક જોયો... ધરતી માર્ગ આપે તો અંદર સમાઇ જવાની તેને ઈચ્છા થઈ. આંખોમાંથી પશ્ચાત્તાપના અશ્રુઓ વહેવા લાગ્યા. એ અશ્રુઓની ઉષ્માથી એની બધી આસક્તિ ઓગળી ગઈ. એ મહેલમાં ફરી પગ પણ ન મુકવાનો નિર્ણય કરી આમરાજાએ વિદાય લીધી.

આમરાજાને બપ્પભટ્ટસૂરિ મળ્યા... આપણને આનંદઘનજી મહારાજ મળ્યા છે. આમરાજા જેવી આપણી સ્થિતિ છે. આનંદઘનજી મહારાજ કહે છે -

**कुलटा कुटिल कुबुद्धि संग खेलके**
**अपनी पत क्युं हारो?**

આત્મન્ ! વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે તું. પવિત્રતાનો પૂંજ છે તું. સદાચારની સાક્ષાત્ પ્રતિમા છે તું. સૌહાર્દ, સરળતા અને સદ્બુદ્ધિની મૂર્તિ છે તું. તારી આ ગુણગરિમાને અકબંધ રાખવાનો એક માત્ર ઉપાય છે તૃષ્ણાત્યાગ. એનો પડછાયો પણ તને સ્પર્શશે, તો તારું અધઃપતન નિશ્ચિત છે. એનું સાન્નિધ્ય એ તારી આબરુનું લીલામ છે. એના સંગે રમણ એ તારી આત્મપ્રતિષ્ઠા પર કાળો કૂચડો છે.

યશ એ વ્યક્તિનું સર્વસ્વ હોય છે. સામવેદમાં કહ્યું છે -

यशो मा प्रतिमुच्यताम्।

હું કદી પણ યશરહિત ન થાઉં.

કો'કે તો હજી બે ડગલા આગળની વાત કરી છે -

न भीतो मरणादस्मि, केवलं दूषितं यशः।
विशुद्धस्य हि मे मृत्युः, पुत्रजन्मसमः किल।।

મને મૃત્યુનો નહીં, પણ અપયશનો ભય છે. જો વિશુદ્ધ યશ મળતો હોય, તો મારું મોત પણ પુત્રજન્મના ઉત્સવ જેવું છે.

માલિન્યનો ભય એને નથી કે જે કાદવમાં ગળાડૂબ ડૂબેલો છે. ભય તો તેને છે જે તદ્દન નિર્મળ છે, અત્યંત પવિત્ર છે. આત્મન્ ! શા માટે તારી જાતે જ તું તારી જાત પર કીચડ ઉછાળે છે? તારું સૌંદર્ય, તારું સૌહાર્દ, તારી કીર્તિ, તારી પ્રતિષ્ઠા, તારી આબરું... આ બધાને શા માટે પાણીમાં... ના, બલ્કે કીચડમાં ડુબાડી રહ્યો છે?

**कुलटा कुटिल कुबुद्धि संग खेलके अपनी पत क्युं हारो?**

જે સવાલ આમરાજાને બપ્પભટ્ટસૂરિ મહારાજે કરેલ, એ જ સવાલ આનંદઘનજી મહારાજ આપણને કરી રહ્યા છે. તૃષ્ણા કુલટા છે, કારણ કે એ પતિનો ભયંકર દ્રોહ કરે છે. એ ક્યાં ક્યાં નથી ભટકી, એ પ્રશ્ન છે. એણે કોને કોને પોતાના પાશમાં નથી સપડાવ્યા, એ પ્રશ્ન છે. એક કુલટા સિવાય આવું કૃત્ય બીજું કોણ કરે?

પત્ની રૂપવતી હોય, એનો સ્વર મધુર હોય, એના અંગમાંથી લાવણ્ય નીતરતું હોય, એની સેવામાં ગજબનું કૌશલ્ય હોય. રસોઈ બનાવવી, ઘર સ્વચ્છ રાખવું, બધાને સાચવવા ... બધી રીતે પત્ની વિચક્ષણ હોય, પણ જો એક વાર એના પતિને ખબર પડે, કે એની પત્ની બેવફા છે, તો એનું મન એના પરથી સદાને માટે ઉઠી જાય. એના એ જ ગુણો પતિને દઝાડનારા બની જાય. પતિને એનું મોઢું જોવું પણ ન ગમે. અરે, કોઈ એનું નામ લેતુ હોય, એ ય એને ન રુચે. એ એના પડછાયાથી પણ દૂર ભાગે.

આ કક્ષા છે એક સમજુ પતિની.

**આત્મન્ ! જે તૃષ્ણાના દુશ્ચરિત્રને જોયા પછી બેવફા, કુલટા, વેશ્યા, અસતી જેવા બધા જ શબ્દો વામણો લાગે, એ તૃષ્ણા પરથી તારું મન ઉઠી જતું નથી, એ તારી વિચિત્રતા જ નથી, વિડંબના પણ છે.**

તૃષ્ણા કુલટા જ છે, એવું નથી, એ કુટિલ પણ છે. એના જેવી વક્રતા વિશ્વમાં બીજે ક્યાંય નથી. દેખાડે જુદું અને હોય જુદું એનું જ નામ વક્રતા. તૃષ્ણાની જેમ જેમ પૂર્તિ કરતા જાઓ, એમ એમ એ વધતી જાય. લાગે નાનકડો ખાડો. એને પૂરતા જાઓ, એટલે એ વધુ ને વધુ ખોદાતો જાય. તૃષ્ણાની આ વક્રતાએ આત્મા સાથે એક ભયાનક રમત રમી દીધી. તૃષ્ણાની તૃપ્તિ માટે આત્માએ જે મથામણ કરી છે, એનું વર્ણન કરતા અનંત ભવો વીતી જાય, પણ એનો અંત ન આવે. જુઓ **વૈરાગ્યશતક**ના આ શબ્દો -

संसारचक्कवाले, सव्वे वि य पुग्गला मए बहुसो।
आहरिया य परिणामिया य, न य तेसिं तित्तोऽहं।।

સંસારના ચકરાવામાં વિશ્વના સર્વ પુદ્ગલોનો મેં અનેક વાર આહાર કર્યો. અને તેમને ધાતુ વગેરે રૂપે પરિણમાવ્યા, પણ તેનાથી મને તૃપ્તિ નથી થઈ.

સંસાર સતત પરાવર્તનશીલ છે. આજે જે પુદ્ગલો આપણા શરીરરૂપે છે. તે જ પુદ્ગલો ભૂતકાળમાં ભોજનરૂપે હતાં. આપણા જીવે તેનો આહાર કર્યો હતો. એ જ રીતે આપણું ઘર, ફર્નિચર, કપડા, ચીજ વસ્તુઓ... એ બધાના પુદ્ગલો પણ ભૂતકાળમાં ક્યારેક ભોજનરૂપે હતાં. અને આપણા જીવે એનો આહાર કર્યો હતો. એ જ રીતે મોટા મોટા મકાનો, રસ્તાઓ, વૃક્ષો, પહાડો, માણસ-પશુ-પંખી વગેરેના શરીરના પુદ્ગલો... આપણે જે કાંઈ પણ જોઈ શકીએ છીએ... ત્રણે લોકમાં જેટલા પણ પુદ્ગલો છે, તે બધા ક્યારેક ભોજનરૂપ હતા, અને આપણા જીવે તેનો આહાર કર્યો હતો. ચિંતન કરો તો તમ્મર આવી જાય, એવી આ વાસ્તવિકતા છે.

આગળની વાસ્તવિકતા તો એના કરતાં પણ ચોંકાવનારી છે. વિશ્વના તમામે તમામ પુદ્ગલો ક્યારેક સ્ત્રીશરીરરૂપે પરિણમ્યા હતા, અને આપણા જીવે તેનો ઉપભોગ કર્યો હતો. સમગ્ર વિશ્વના અનંત અનંત પુદ્ગલો... એમાંથી સર્જન પામેલી અનંત અનંત સ્ત્રીઓ... એ તમામનો ઉપભોગ... એ પણ અનેક વાર. પુદ્ગલો તો એના એ જ છે. અનંત અનંત વાર





ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તાઃ

ઉપભોગ થઇ ચૂક્યો છે. આ એક ભવમાં જેટલી સ્ત્રી દેખાય છે, તેમાં કશું જ નવું નથી. જે તૃષ્ણા અનંત અનંત સ્ત્રીના ઉપભોગ પછી પણ શાંત થઇ નથી, એ તૃષ્ણા આજે એક સ્ત્રીના ઉપભોગથી શાંત થઇ જશે?

જો અંતઃકરણમાંથી આનો હકારાત્મક જવાબ આવતો હોય, તો આને પણ તૃષ્ણાની કુટિલતા જ સમજજો. એ જ તો જીવને ઉશ્કેરે છે, જીવને વિષયભોગ કરવા પરાણે પ્રેરે છે, એને પાગલ કરે છે... 'બસ, એક વાર આટલું માણી લે, ખરેખર, તને તૃપ્તિ થઇ જશે...' તૃષ્ણાની આ પ્રેરણાથી જીવ ભયાનક ગાંડપણનો ભોગ બને છે.


'વિષયભોગ' આ શબ્દ જ ભ્રામક છે. વાસ્તવમાં વિષયનો ભોગ થતો જ નથી. ભોગ તો લેવાય છે ખુદ જીવનો. ભર્તૃહરિના શબ્દો કેટલા સત્ય છે !

भोगा न भुक्ता वयमेव भुक्ताः

ભોગોને તો અમે શું ભોગવવાના હતા? ભોગોએ જ અમને ભોગવી દીધા છે. *ઇન્દ્રિયપરાજયશતકમાં* કહ્યું છે –



तणकट्ठेहि व अग्गी, लवणसमुद्दो नइसहस्सेहिं।
न य इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं।।



ઘાસ અને લાકડા ગમે તેટલા નાંખો, અગ્નિ કદી તૃપ્ત થતો નથી. લવણસમુદ્રમાં સતત હજારો નદીઓ પાણી ઠાલવી રહી છે. તો પણ એ કદી તૃપ્ત થતો નથી. એમ જીવને ચાહે ગમે તેટલા કામભોગની પ્રાપ્તિ થાય, એની તૃષ્ણા શાંત થવી સંભવિત નથી.

છતાં પણ આત્મા વિષયતૃષ્ણાને છોડી શકતો નથી, એનું કારણ છે તૃષ્ણાની કુટિલતા.

## कुलटा कुटिल कुबुद्धि संग खेल के अपनी पत क्युं हारो?



તૃષ્ણાનો ત્રીજો દુર્ગુણ એ છે કે એ કુબુદ્ધિ છે. **कुत्सिता बुद्धिर्यस्याः सा कुबुद्धिः** – જેની બુદ્ધિ બગડેલી છે, એનું નામ કુબુદ્ધિ. માટે તૃષ્ણાને

આત્માના હિતમાં રસ જ નથી. એ જાત જાતના ઉપાયથી આત્માને બરબાદ કરતી રહે છે. તૃષ્ણા અને મોહ આ બંનેને ખૂબ જ લેણાદેણી છે. *ઉત્તરાધ્યયનસૂત્રમાં* કહ્યું છે –

जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य।
एमेव मोहायतणं खु तण्हा,
मोहं च तण्हायतणं वयन्ति।।३२-६।।

જેમ બગલા ઈંડાથી ઉત્પન્ન થાય છે અને ઈંડુ બગલાથી ઉત્પન્ન થાય છે. તેમ તૃષ્ણા મોહથી જન્મે છે અને મોહ તૃષ્ણાથી જન્મ પામે છે.

**कुलटा कुटिल कुबुद्धि संग खेल के अपनी पत क्युं हारो?**

અહીં તો માત્ર ત્રણ 'કુ' કહ્યા છે. તૃષ્ણા તો 'કુ'ની ખાણ છે. એ સ્વયં પણ 'કુ' છે અને અઢળક 'કુ'ને એણે પોતાનામાં સ્થાન આપ્યું છે. ના આત્મન્ ! ના, એનો સંગ કરવામાં તારું ગૌરવ નથી, એના સંગાથી બનવામાં તારું ઔચિત્ય નથી. પરમ પાવન તારા સ્વરૂપનો વિચાર કર. તારી શુચિતા, પવિત્રતા, પુનિતતા, નિર્મલતા... એ બધું આ કુલટાથી ખરડી દેવા માટે નથી. તારો ઉજ્જવળ યશ આ કુબુદ્ધિના રવાડે ચડીને ગુમાવી દેવા માટે નથી.

**कुलटा कुटिल कुबुद्धि संग खेल के अपनी पत क्युं हारो?**

તારા યશની રક્ષાનો એક જ માર્ગ છે. તૃષ્ણાનો ત્યાગ કરીને તું સમતાને અપનાવી લે. તૃષ્ણા કુલટા છે, સમતા મહાસતી છે. તૃષ્ણા કુટિલ છે સમતા સરળ છે. તૃષ્ણા કુબુદ્ધિ છે, સમતા સુબુદ્ધિ છે. તૃષ્ણાના સંગમાં પરાજય છે, સમતાના સંગમાં વિજય છે...

**आनंदघन समता घर आवे, बाजे जीत नगारो**

સમતા આનંદઘનના ઘરે જાય, ત્યાં એને એક ખૂણો ને એક બેઠક મળી જાય, એ અલગ વાત છે. અને આનંદઘન સ્વયં સમતાના ઘરમાં પ્રવેશે, આનંદઘન સર્વથા સમતામય થઇ જાય, એ અલગ વાત છે.

આત્મન્ ! જીવનમાં ડગલે ને પગલે તને બે વિકલ્પ મળે છે. તારા માર્ગમાં જમણી બાજુ સમતાનું ઘર હોય છે, અને ડાબી બાજુ તૃષ્ણાનું ઘર હોય છે. સમતાના ઘરે સુખનો પાર નથી, અને તૃષ્ણાના ઘરે દુઃખનો આરો નથી. ક્યાં જવું એ તારા હાથની વાત છે.

સમતાનું ઘર એટલે તારું પોતાનું ઘર. સમતાનું ઘર એટલે તારું શુદ્ધ સ્વરૂપ. સમતાનું ઘર એટલે જીવન્મુક્તિ. આ ઘરમાં તું પગ મુકે એ પરાજયોનો પરાજય છે... એ તારો જ્વલંત વિજય છે. બસ, એક વાર તું સમતાના ઘરમાં આવી જા... બીજી જ ક્ષણે તારા વિજયની નોબત વાગતી હશે...

**आनंदघन समता घर आवे, बाजे जीत नगारो**

આત્મન્ !

મોક્ષ કે નરક?

સુખ કે દુઃખ?

સમતા કે તૃષ્ણા?

વિજય કે પરાજય?

આ એવી ક્ષણ છે કે જેમાં તું પૂર્ણ સ્વતંત્ર છે. તને જે ગમે એ પસંદ કરી લે.

અષાઢ વદ ૩૦
વિ.સં.૨૦૬૭

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.



તૃષ્ણા કુલટા છે,
સમતા મહાસતી છે.
તૃષ્ણાનો ત્યાગ કરીને
તું સમતાને અપનાવી લે.
તૃષ્ણા કુટિલ છે,
સમતા સરળ છે.
તૃષ્ણા કુબુદ્ધિ છે,
સમતા સુબુદ્ધિ છે.
તૃષ્ણાના સંગમાં પરાજય છે,
સમતાના સંગમાં વિજય છે.

*There are two tragedies in life.*
*One is not to get your heart's desire.*
*The other is to get it.*

MULTY GRAPHICS